# :: <u>પરિપત્ર</u> ::

**વિષયઃ– તારીજ બીલ (એબસ્ટ્રેક) થી ઉપાડવામાં આવેલ**
**નાણાંનો હિસાબ સરભર કરવા બાબત..**

આથી યુનિવર્સિટીના તમામ કચેરીનાં વડાશ્રીઓને જણાવવાનું કે, સને ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ ના વર્ષના ઓડિટ દરમ્યાન જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, લોકલ ફંડ, નવસારીની કચેરી દ્વારા તારીજ બીલથી ઉપાડવામાં આવતા નાણાંના હિસાબ સરભર ન કરવા બાબતે ઓડિટ પેરા આપવામાં આવેલ છે. ચાલુ નાણાંકિય વર્ષ ( સને ૨૦૧૫–૧૬ ) પૂર્ણ થવાને ફકત ૧ (એક) જ માસ બાકી રહેલ હોય જે તે કચેરી દ્વારા એબસ્ટ્રેકથી ઉપાડવામાં આવેલ નાણાંનો હિસાબ તા. ૦૫/૦૩/૨૦૧૬ સુધીમાં ટ્રેઝરી કચેરીમાં રજુ કરવાનો રહેશે, તેમજ હવે પછી ખાસ કિસ્સા સિવાય કોઈપણ કચેરીએ ૩૧/૦૩/૨૦૧૬ સુધી એબસ્ટ્રેકથી નાણાં ઉપાડવા નહીં તેમજ ઉપાડેલ નાણાંનો <u>હિસાબ ચાલુ નાણાંકિય વર્ષમાં જ સરભર કરી જેની નોંધ જે તે કચેરીના એબસ્ટ્રેક રજીસ્ટરમાં અચૂક કરવાની રહેશે.</u>

**વધુમાં, એબસ્ટ્રેક બીલથી ઉગવવામાં આવતા નાણાંનો જે તે હેતુ માટે જ ખર્ચ થયેલ હોવો જોઈએ, હેતુ ફેરથી કરવામાં આવેલ ખર્ચ માન્ય રાખવામાં આવશે નહીં, તેમજ થયેલ ખર્ચની જવાબદારી ખર્ચ કરનાર અધિકારીની રહેશે, જેની સર્વેએ નોંધ લેવી.**

**હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

---

જા.નં./ન.કૃ.યુ./હિનિ/ઓડિટ/૬૩૭૮-૬૪૨૫/૧૬
તા.૨૬ /૦૨/૨૦૧૬

**<u>નકલ જયભારત સહ રવાના :–</u>**
(૧) આ યુનિવર્સિટીની તમામ કચેરીના વડાશ્રીઓ તરફ તાત્કાલિક અમલ થવા સારૂ.

**<u>નકલ સવિનય રવાનાઃ–</u>**
(૧) કુલસચિવશ્રી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારુ.
(૨) વહિવટી–વ–હિસાબી અધિકારીશ્રી, ન.કૃ.યુ. તરફ જાણ સારૂ.